સ્થાવાર મિલકત જાહેર કરવા અંગેના
પત્રકો "SATHI" એપ્લીકેશન દ્વારા
Online રજૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:શવઅ/૧૧૯૮/૧/ઈ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૫/૦૧/૨૦૧૮
1 6 JAN 2018

**વંચાણમાં લીધો:** HRMS Cell. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૩૧/૦૮/૨૦૧૬ નો પરિપત્ર ક્રમાંક: HRM/૧૦૨૦૧૬/૪૫૨૨/HRMS Cell.

પરિપત્ર:-

ગુજરાત સરકાર દ્વારા સરકારી અધિકારી/કર્મચારીઓ માટે ઈન્ફર્મેશન ટેકનોલોજી આધારિત "Human Resources Management" (HRMS) માટેની એક એપ્લીકેશન "System of Application of Technology for Human Resource Improvement" (SATHI) અમલમાં મુકેલ છે. જેના અનુસંધાને સરકાર અને અધિકારીઓ/કર્મચારીઓ વચ્ચેના અમુક વ્યવહારો તબક્કાવાર "સાથી" સોફ્ટવેર એપ્લીકેશન ઉપર તબદીલ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ થી ગુજરાત ઈજનેરી સેવા, વર્ગ-૧ સંવર્ગના અધિકારીઓના કામગીરી મૂલ્યાંકન અહેવાલ ઓનલાઈન રજૂ કરવામાં આવે છે. આ સિવાય નીચે દર્શાવેલ સેવા વિષયક બાબતો "સાથી" મારફતે નિકાલ માટે તબક્કાવાર કાર્યવાહી કરવાની થાય છે.

૧) રજા
૨) રજા પ્રવાસ રાહત
૩) કામગીરી મૂલ્યાંકન અહેવાલ
૪) જી.પી.એફ.(પેશગી અને ઉપાડ)
૫) પે-સ્લીપ
૬) ફેમેલી ડીટેઈલ
૭) વાર્ષિક મિલકત પત્રક
૮) પાસપોર્ટ N.O.C.
૯) વિદેશ મુસાફરી N.O.C.
૧૦) ઈન્કમટેક્ષ ડીક્લેરેશન
૧૧) CTC

ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ ના નિયમ-૧૯ ની જોગવાઈ અનુસાર દરેક સરકારી અધિકારીઓના સ્થાવર/જંગમ મિલકતના પત્રકો જે-તે કેલેન્ડર વર્ષ પુરૂ થયા પછીના જાન્યુઆરી માસમાં રજુ કરવાના રહે છે. ગુજરાત ઈજનેરી સેવા, વર્ગ-૧ ના અધિકારીઓએ ડીસેમ્બર, ૨૦૧૭ અંતિત મિલકત પત્રકો તા.૩૧/૦૧/૨૦૧૮ સુધીમાં રજુ કરવાના રહે છે. ઉપર આમુખમાં વંચાણે લીધેલ પરિપત્રથી ગુજરાત રાજ્ય સેવા(વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ ના નિયમ-૧૯ ની જોગવાઈ હેઠળ સરકારી અધિકારીઓએ રજૂ કરવાના થતા પોતાની સ્થાવર મિલકત જાહેર કરવા અંગેના પત્રકો હવે "SATHI" એપ્લીકેશન દ્વારા Online રજૂ કરવા અંગેની જોગવાઈ અમલમાં મુકવામાં આવેલ છે. જે અન્વયે હવે પછી ગુજરાત ઈજનેરી સેવા, વર્ગ-૧ ના

તમામ અધિકારીઓના મિલકત પત્રકો "SATHI" એપ્લીકેશન દ્વારા Online રજૂ કરવા અંગે નીચે મુજબની સૂચનાઓ આથી પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) "સાથી" સોફ્ટવેર એપ્લીકેશનમાં કાર્યવાહી ઓનલાઈન હાથ ધરવામાં આવતી હોઈ વર્ષ ૨૦૧૭ અંતિત અને ત્યાર બાદ મિલકત પત્રકો રજૂ કરવા માટે પત્ર આધારિત પ્રક્રિયા બંધ કરી માત્ર "સાથી" એપ્લીકેશન દ્વારા ઓનલાઈન મિલકત પત્રકો રજૂ કરવાના રહેશે.

(૨) GSWAN HOME PAGEમાં "SATHI" પર CLICK કરવાથી અથવા www.sathi.gujarat.gov.in થી "SATHI" એપ્લીકેશનમાં લોગ-ઈન થઈ શકાશે. "સાથી" મારફતે હાથ ધરવામાં આવતી વિવિધ પ્રક્રિયાની માર્ગદર્શક VIDEO ઉક્ત વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જે લોગ-ઈન પેજ પર "Settings"માં "Process Video Guide" પર ક્લિક કર્યા બાદ દેખાતી વિવિધ ફાઈલો પૈકી "APR Part-1" અને "APR Part-2" ક્રમાનુસાર ઓપન કરી સમજૂતિ મેળવી શકાશે. તે ઉપરાંત જો કોઈ USER ને Video-Guide જોવા માટે સુવિધા ઉપલબ્ધ ન હોય તો તેઓ "Process Video-Guide" Click કર્યા બાદ દેખાતી ફાઈલો પૈકી Final APR Manual (PDF ફોર્મમાં) ઓપન કરી સમગ્ર પ્રક્રિયાની સમજૂતી મેળવી શકાશે.

(૩) "સાથી" એપ્લીકેશનમાં લોગ-ઈન કરવા સહિત તેના ઉપયોગ સંબંધે વપરાશ-કર્તાને કોઈ મુશ્કેલી જણાતી હોય તો HRMS સેલ ખાતેના Helpdesk નંબર ૦૭૯-૨૩૨-૫૫૮૨૭ પર સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકાશે.

(૪) મિલકત પત્રકો સમય-મર્યાદામાં રજૂ કરવા અંગે જે તે અધિકારીની અંગત જવાબદારી રહેશે.

(૫) વધુમાં જણાવવાનું કે, વર્ષ દરમ્યાન સ્થાવર/જંગમ મિલકતના ખરીદ/વેચાણ સંદર્ભે ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ હેઠળ પૂર્વ જાણ/ પૂર્વ મંજુરી મેળવવા અંગેની બાબત પણ SATHI એપ્લીકેશનમાં આવરી લીધેલ છે. આથી, આવી બાબત માટે પણ હવે SATHI એપ્લીકેશનનો ઉપયોગ કરી ઓનલાઈન પૂર્વ જાણ/પૂર્વ મંજુરી અંગેની કાર્યવાહી કરવા વિનંતી છે.

(૬) આથી, તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ આપની સ્થાવર મિલકતોની વિગતો દર્શાવતું પત્રક SATHI એપ્લીકેશન પર નિયત નમૂનામાં સંપૂર્ણપણે ભરીને તા. ૩૧/૧/૨૦૧૮ સુધીમાં અચુક રજુ કરવા આપને વિનંતી છે. આગાઉ જે અધિકારીઓએ વર્ષ – ૨૦૧૭ અંતિત મિલકત પત્રક ઑફ લાઈન/લેખિત સ્વરૂપે સમયસર રજુ કરેલ છે. તે બાબતની અત્રેથી સકારાત્મક નોંધ લેવામાં આવે છે. અલબત, આવા કિસ્સામાં પણ જે-તે અધિકારીઓએ શક્ય હોય તેટલું વહેલું ઓનલાઈન મિલકત્ત પત્રક SATHI એપ્લીકેશન દ્વારા રજુ કરવાનું છે, જે ખાસ ધ્યાને લેવા વિનંતી છે.

(૭) આપનું ધ્યાન સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૧૦/૧૯૮૮ના પરિપત્ર ક્રમાંક સીડીઆર-૧૦૮૮-યુઓ-૩૩-ખાતાકીય તપાસ એકમની જોગવાઈઓ તરફ દોરી જણાવવાનું કે, સ્થાવર મિલકતોની વિગતો દર્શાવતા પત્રકો નિયત સમય મર્યાદામાં રજુ નહીં કરવાની બાબત ગેરશિસ્ત બને છે. આથી આપનાં ઉપર

જણાવેલ વર્ષના સ્થાવર મિલકતોની વિગતો દર્શાવતા પત્રકો ઉક્ત સમયમર્યાદામાં અચૂક રજુ કરવા વિનંતી છે. તેમજ ડિસેમ્બર – ૨૦૧૭ અંતિત વર્ષથી સ્થાવર/જંગમ મિલકતો અંગે ઉક્ત નિયમો હેઠળની બાબતો SATHI એપ્લીકેશન દ્વારા ઓનલાઈન રજુ કરવામાં આવે તે જોવા પ્રત્યેક અધિકારીને ભારપૂર્વક વિનંતી કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કોમલ ભટ્ટ)
નાયબ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

- સચિવશ્રીના અંગત સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- સર્વે મુખ્ય ઇજનેરશ્રી(સી), મા.અને મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારુ.
- માર્ગ અને મકાન વિભાગના સર્વે અધીક્ષક ઇજનેર(સીવીલ),(રાજ્ય અને પંચાયત) વર્તુળ કચેરી.
- માર્ગ અને મકાન વિભાગના સર્વે કાર્યપાલક ઇજનેર(સીવીલ)(રાજ્ય અને પંચાયત) કચેરી મારફત.
- માર્ગ અને મકાન વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ (આપના તાબા હેઠળના લાંબી રજા ઉપર ગયેલ અધિકારીને ઈ–મેઈલથી જાણ કરવી.)
- સેકશન અધિકારીશ્રી, એચ.આર.એમ.એસ સેલ., સા.વ.વિ., બ્લોક નં.૧, ૮મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- વેબ ઇન્ચાર્જશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર, જાહેરહિતની આ સૂચનાને તાત્કાલિક અપલોડ કરી જાણ કરવા સારુ.
- સે.અ.શ્રી, ઇ.૧, ઇ.૨, ઇ.૩, ઇ.૪, ક., ક.૧, ફ, ફ.૧,આઇ તથા રોકડ શાખા,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પસંદગી ફાઇલ